## વડીલોને વંદન
## અભિનંદન


હંસાબેન અનિલકુમાર જાની
(૧૯૪૫)ફોન: ૨૩૨૨૪૯૮૩


જનાર્દન એસ. જોષી
(૧૯૩૦)ફોન: ૨૩૨૬૦૫૫૬


મધુબેન ભગવતીપ્રસાદ રાવલ
(૧૯૪૭)ફોન: ૨૩૨૩૦૩૮૨

# પ્રાંતિજમાં વેરા બાકીદારો સામે પાલિકાની લાલ આંખ

## નવથી પણ વધારે રીઢા બાકીદારો વેરા ના ભરતા પાલિકાએ દુકાનને સીલ માર્યા

પ્રાંતિજ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગર પાલિકા દ્વારા નોટીસો ઉપર નોટીસો આપવા છતાં રીઢા બાકીદારો દ્વારા વેરાઓ ના ભરતા તેમની સામે લાલની લાલ આંખ કરતા ફરી અન્ય નવ દુકાનને પાલિકા દ્વારા સીલ મારવામાં આવ્યું છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મળતી માહિતી મુજબ પાલિકા દ્વારા દર વર્ષે મિલ્કતના વેરાઓ જેવા કે પાણીવેરો, સફાઈવેરો, શિક્ષણવેરો વગેરે વેરાઓ લેવામાં આવતા હોય છે. પણ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પ્લેક્ષમાં આવેલ નવ જેટલી દુકાનદારો દ્વારા છેલ્લા કેટલાય વરસોથી વેરા ના ભરતા હોવાથી પાલિકા દ્વારા વારે ઘડીએ નોટીસની બજવણી કર્યા પછી પણ વેરાઓ ના ભરવા માંગતા વેપારીઓ સામે પાલિકા દ્વારા કડકમાં કડક રીતે ઉઘરાણી કરતા અને સ્થળ ઉપર જઈ સીલીંગ મારવાનું કામ હાથ ધરાયું હતું. કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ નવ જેટલી દુકાનોને સીલ મારવામાંઆવ્યું હતું. નિર્માણ કોમ્પ્લેક્ષમાં આવેલ આ દુકાન માલિકો દુકાન દીઠ ૧૨૦૦૦નો વેરો ના ભરતા નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, નટુભાઈ બારોટ, ગોદિંભાઈ, વ્હોરાભાઈ, કેતનભાઈ રાવલ સહિતના સ્ટાફે દુકાનને સીલ માર્યું હતું.

નગરપાલિકા દ્વારા કડકમાં કડક પગલાં ભરાતા અન્ય વેરા બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપ્યો હતો અને દુકાનદારો તથા ઘર માલિકો વેરા ભરવા માટે પાલિકામાં દોડી આવ્યા હતા.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં એસ.ટી. કર્મચારીઓ ધરણા પર બેઠા

પાલનપુરમાં એસ.ટી. કર્મચારી સંગઠન તેમની ૧૬ જેટલી જુદી જુદી માંગણીઓ માટે આજે ધરણા પર બેસી જતા બનાસકાંઠા એસ.ટી. કર્મીઓમાં ચકચાર મચી જવા પામી હતી. બનાસકાંઠામાં નવ નિયુકત એસ.ટી. વિભાગીય અધિકારી દ્વારા લેવાતા નિર્ણયો તથા કર્મચારીઓની સતત માંગણીઓ પ્રત્યે આંખ આડા કાન કરતા હોવાના કર્મચારીઓના આક્ષેપ સાથે આજે ધરણા યોજાયા હતા જેમાં તેમની માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. જો કે આ બાબતે બનાસકાંઠા એસ.ટી. વિભાગીય નિયામકની મુલાકાત લેતા તેમણે જણાવેલ કે એસ.ટી. કર્મચારીઓની માંગણી ગેર વાજબી છે. (તસવીર : હરેશ જોષી)

# ગાંધીજીને સામાન્ય માનવી સુધી લઈ જવામાં સ્વ. નારાયણભાઈ દેસાઈનું વિશાળતમ યોગદાન છે : રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સ્વ. નારાયણભાઈ દેસાઈની સ્મૃતિમાં યોજાયેલી પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, ગાંધીજીને સામાન્ય માનવી સુધી પહોંચાડવાનું કાર્ય સ્વર્ગસ્થ શ્રી નારાયણભાઈ દેસાઈએ કર્યું છે. જે તેમનું વિશાળતમ યોગદાન છે.

રાજ્યપાલશ્રીએ ગઈકાલે ગાંધીનગરમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈની સ્મૃતિમાં યોજાયેલી પ્રાર્થના સભામાં શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈએ ગાંધીજીને ચિંતન અને વિચારોના ધરાતલ પર અંગીકાર કર્યા એટલું જ નહી પણ તેમના દૈનિક જીવનમાં પણ આત્મસાત કર્યા હતા. સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈએ 'ગાંધીકથા'ના માધ્યમથી ગાંધીજીના જીવનને લોકો સુધી પહોંચાડવા એક નવીન આવિષ્કાર સર્જ્યો અને તેનો પ્રભાવીરૂપથી તેમણે ઉપયોગ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીજીના વિચારો જીવન આચરણમાં મુકવાનું કામ મુશ્કેલ છે. સ્વ. દેસાઈએ ગાંધીજીના વિચારો અને ચિંતનને પચાવી જાણ્યાં હતાં. તેમના નિધનથી રાજ્ય અને રાષ્ટ્રને બહુ મોટી ખોટ થઈ છે, જે ક્યારેય પુરી શકાય તેમ નથી, એમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર જીવન ગાંધી વિચારધારાના પ્રસાર માટે સક્રીય રહેનારા સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈની તસવીરને રાજ્યપાલશ્રીએ ભાવભરી પુષ્પાંજલિ અર્પી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ આપી જણાવ્યું હતું કે, સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈના સ્મરણમાં ગાંધીનગરની તમામ શૈક્ષણિક-સાહિત્યિક, સાંસ્કૃતિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે મળી પ્રાર્થનાસભાનું આયોજન કર્યું છે.

ભૂતપૂર્વ મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈને સ્મરણાંજલિ અર્પી હતી અને શોક દર્શક પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

પ્રાર્થનાસભામાં સ્વર્ગસ્થના માનમાં બે મિનિટનું મૌન પણ પાળવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો-ગાંધીનગરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ-અગ્રણી નાગરિકો, પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# મોડાસાના મેઘરજ બાયપાસ ચોકડી પર ટ્રકે લોડીંગ રીક્ષાને અડફેટે લેતાં બે ગંભીર : ત્રણ ઈજાગ્રસ્ત

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના બાયપાસ રોડ પર આવેલી મેઘરજ જવાના માર્ગ પર પડતી મેઘરજ ચોકડી પર છેલ્લા મહિના દરમિયાન અકસ્માતની ઘટનાઓની શૃંખલા સર્જાઈ છે. ગઈ કાલે સાંજના ૫ વાગ્યાના આસપાસ જલાઉ લાકડા ભરેલી લોડીંગ રીક્ષાને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં લોડીંગ રિક્ષામાં સવાર બે યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જયારે ત્રણ ઈજાગ્રસ્ત થતા અકસ્માતને પગલે દોડી આવેલા લોકોએ પાંચે ઘાયલ યુવાનોને સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર જવાના માર્ગ પરથી આવેલી બાયપાસ ચોકડી પર બાયપાસ માર્ગ હોવાના લીધે અહીંથી પસાર થતા વાહનોની ઝડપના કારણે મેઘરજ પાયપાસ ચોકડી પર છાશવારે અકસ્માત થતા રહે છે. થોડા સમય પહેલા થયેલ અકસ્માતમાં યુવાનનું મોત નિપજતાં મોડાસાના પ્રજાજનોએ બાયપાસ રોડ પર ચક્કાજામ કરી યુધ્ધના ધોરણે બાયપાસ ચોકડી પર માર્ગ બનાવવાની હાકલ કરી હતી ત્યારે પ્રજાજનોના રોષના પગલે હાઈવે ઓથોરીટી અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારી દોડી આવ્યા હતા અને સર્કલ બનાવવાની બાંહેધરી આપતા પ્રજાજનોએ ચક્કાજામ વિખેરી નાંખ્યો હતો. છતાં સર્કલ ન બનતાં ગઈ કાલે ફરીથી ગમખ્વાર અકસ્માત થયો હતો.

મોડાસાના બાજકોટ ગામના યુવાનો લોડીંગ રીક્ષામાં જલાઉ લાકડા ભરીને જઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂર ઝડપે આવતા ડમ્પરના ચાલકે ઓવર ટેઈક કરી ડમ્પર અચાનક મેઘરજ જવાના માર્ગ તરફ વાળી દઈ લોડીંગ રીક્ષાને અડફેટે લેતાં લોડીંગ રીક્ષામાં સવાર રવિભાઈ અમૃતભાઈ ખાંટ (રહે બાજકોટ ઉ.વ. ૨૯ વર્ષ) અને કાર્તિક કુમાર દિપાભાઈ ખાંટ (ઉ.વ.૧૫ રહે બાજકોટ) ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાં રવિભાઈની હાલત ગંભીર છે. જયારે રીક્ષામાં સવાર અન્ય ૩ યુવાન લંકેશભાઈ ઈશ્વરભાઈ ખાંટ, વિપુલભાઈ ભુપતભાઈ તરાર, દિપાજી પુંજાજી ખાંટ તમામ રહે બાજકોટ, તા. મોડાસા, જી. અરવલ્લીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે મેઘરજ ચોકડી પર આવેલી દુકાનોના માલિકો અને સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા. અને તમામ અકસ્માતનો ભોગ બનેલા લોકોને ખાનગી વાહન દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરના બાદરપુરામાં પ્રા. શિક્ષિકાની બદલી કરવા ગ્રામજનોની માંગ

પાલનપુર તાલુકાના બાદરપુરા પ્રા. શાળાની એક વિવાહીત શિક્ષિકાનો ગ્રામજનો દ્વારા ભારે વિરોધ વ્યકત કરી તાત્કાલીક શાળાની બદલી કરવા માંગ કરી છે. પાલનપુરના બાદરપુરા પ્રા. શાળામાં ૧૪૦ બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શિક્ષિકાના કથિત વિવાદીત કેસને લઈ ગ્રામજનોમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે જેના પગલે શિક્ષિકાની તાત્કાલિક અત્રેથી બદલી કરવા માંગ કરાઈ છે. આજ રોજ શાળાના ૧૪૦ વિદ્યાર્થીઓએ શાળાના બદલે ગામના પાદરે બેસી અભ્યાસ કર્યો હતો અને શિક્ષિકા સામે વિરોધ વ્યકત કર્યો હતો. જો કે શિક્ષિકા અને ગ્રામજનો વચ્ચેના ગજગ્રાહને કારણે હાલ તો બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે ત્યારે આ બાબતે શિક્ષણાધિકારી યોગ્ય તપાસ કરી કાર્યાહી કરે તેવી માંગ ઉઠી છે. (તસવીર : હરેશ જોષી)

## અધિક કલેકટર સંવર્ગના ૨૦ અધિકારીઓને સિલેકશન ગ્રેડ અપાશે

રાજયના અંદાજે ૨૦ જેટલા અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓને સંયુકત સચિવનું સિલેકશન ગ્રેડ આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજયના ગેસ કેડેટના ૧૯ જેટલા અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં બઢતી આપ્યા બાદ અધિક કલેકટરની ખાલી પડેલી ૩૮ જેટલી જગ્યાઓ બઢતીથી ભરવામાં આવી હતી. નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓને અધિક કલેકટર તરીકે બઢતી આપવામાં આવ્યા બાદ હવે ૨૦થી વધુ અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓને સંયુકત સચિવ સંવર્ગમાં સિલેકશન ગ્રેડ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સિલેકશન ગ્રેડ આપવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે. ડી.સી.પી.ની બેઠકમાં સિલેકશન ગ્રેડ આપવા માટેની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારની મંજુરી અર્થે રજુ કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૬૭૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | |
| | ■ | | ■ | ૫ | | | ■ |
| ૬ | | | | ■ | ૭ | | ૮ |
| | ■ | | ■ | ૯ | | | |
| ■ | ૧૦ | ■ | ૧૧ | | | ■ | |
| ૧૨ | | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | |

### આડી ચાવી

૧. બેહાલ, ખુવાર (૪)
૩. ઝાડ વગેરેમાં બાકોરું હોય તે (૩)
૫. પાણીનું ઝામી જવું તે, આઇસ (૩)
૬. માણસાઇ, લાયકી (૪)
૭. તાણ (૩)
૯. ફાયદો, લાભ (૪)
૧૧. રેડિયો બનાવતી એક પ્રખ્યાત કંપની, ઇલેકટ્રીકને લગતી કંપની (૩)
૧૨. પ્રૌઢતા, ગૌરવ (૩)
૧૩. લંબાઇ - પહોળાઇ - ઊંચાઇ વગેરે (૨)
૧૪. દુનિયા, આલમ (૨)
૧૫. કવચિત, ચોક્કસ નહિ તેવું (૩)
૧૬. મોટર, ગાડી (૨)
૧૭. વિજળી, ... પુરવઠો (૨)
૧૮. જુના પેપરોની રદ્દી (૨)

### ઊભી ચાવી

૧. પાડોશમાં રહેતી સ્ત્રી (૪)
૨. દ્વારા, સાથે (૪)
૩. નોકરી ઉપરથી રૂખસદ મળવી તે (૫)
૪. ભયાનક, ડરાવે તેવું (૪)
૮. સ્વદેશાભિમાન, દેશદાઝ(૬)
૯. બંદૂકથી, ઘોડેસવાર રક્ષક(૫)
૧૦. મશ્કરી, મજાક (૪)
૧૨. આશ્ચર્ય, નવાઇ (૩)
૧૫. કવિતાની રચના કરનાર(૨)

### શબ્દાવલી ૫૬૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) લંબોદર (૪) ચેતના (૬) મજનુ (૮) ઇશ્ક (૯) નીગરાની (૧૩) રોગચાળો (૧૪) સહારો (૧૫) ડોણ (૧૬) ખુદા (૧૯) યતીમ (૨૧) ગીર (૨૩) નાસીપાસ

**ઊભી ચાવી :-** (૧) લંબાઇ (૨) દમ (૩) રજની (૫) નાક (૭) નુગરો (૧૦) રાગડો (૧૧) નીચાણ (૧૨) આરો (૧૪) સહાયતા (૧૭) દાગીના (૧૮) નિવાસ (૨૦) મધ (૨૨) રસી

## કૃષિ વિકાસદર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહોત્સવના આયોજન માટે રૂ.૫૫ કરોડની જોગવાઈ કરી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે વર્ષ-૨૦૧૪-૧૫ને કૃષિ વિકાસ વર્ષ તરીકે જાહેર કરી ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી, જે અગામી ૨૦૧૫-૧૬ માટે વધારીને ૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ખેડૂતો માટેની વિવિધ યોજનાની જાણકારી અને માર્ગદર્શન માટે ૠ-ત્ત્ફૂકુયદ ષ્ટેશ્વર્દીશ્ર શરૂ કરવામાં આવતાં ૩૦ જ દિવસના ટૂંકા સમયમાં ૨,૨૭,૪૯૯ જેટલી અરજીઓ મળી હતી. ખેડૂતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૃષિક્ષેત્રે થયેલ શોધોની માહિતી મળી રહે તે માટે દર બે વર્ષે ગ્લોબલ એગ્રી સમીટનું આયોજન કરવામાં આવે છે. આ માટે વર્ષ-૨૦૧૫-૧૬માં ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે- ૨૦૧૪માં યોજાયેલ કૃષિ મહોત્સવમાં ૧૨,૪૮,૯૩૬ ખેડૂતોને લાભ આપી ૧.૩૫ લાખથી વધુ ખેડૂતોને વ્યકિતગત માર્ગદર્શન આપ્યું હતુ.

કૃષિ સંશોધન અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પાકોની ઉત્પાદકતા, ગુણવત્તા અને નફો વધારવાના હેતુથી રાજયની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા હાથ ધરાતા સંશોધન કાર્યક્રમો માટે રૂ.૩૪૬.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે પૈકી આદિજાતિ માટે રૂ.૬૦.૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કૃષિ મંત્રીએ જણાવ્યું કે, ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ અને વ્યાજબી ભાવ મળે તે માટે એગ્રો ઈન્ડસ્ટરીઝ પોલીસી-૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૧૫-૧૬માં ૧૦ કરોડની નેશનલ ફુડ પ્રોસેસીંગ મિશન હેઠળ રૂ. ૨૫ કરોડ અને કૌટુંબિક બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે રૂ.૨.૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, કૃષિકારોને બીયારણ, ખાતર, કૃષિપેદાશોના સંગ્રહ માટે ગુજરાત રાજય બીજ નિગમ દ્વારા ગોડાઉન બાંધવાની યોજના અમલમાં મૂકી છે. આ માટે ત્રણ ફેઝમાં ૪,૩૨,૫૦૦ મેટ્રીક ટન કેપેસીટીના ૧૬ ગોડાઉનોના બાંધકામ માટે આગામી ૨૦૧૫-૧૬ના વર્ષમાં રૂ.૧૦૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પત્રિકાઓ ફેંકાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ કરાવવાની માગણી સાથેની પત્રિકાઓ તથા ગુજરાતમાં દારૂ છુટથી મળે છે તે દર્શાવવા પ્રતિકરૂપે દારૂ જેવા પ્રવાહીની કોથળી વિધાનસભા ગૃહમાં ફેંકી ગુજરાતના રાજકારણીઓને ચોંકાવી દીધા હતા. મહેસાણા જિલ્લાના વીસનગર તાલુકાના જેતલ વાસણ ગામના રહેવાસી અને ૬૫થી ૭૦ વર્ષની જૈફ વય ધરાવતા નિવૃત આચાર્ય બાબુલાલ શંકરલાલ પટેલ આજે વિધાનસભા ગૃહની કાર્યવાહી નીહાળવા કોઈ ધારાસભ્ય કે મંત્રીની ભલામણથી પ્રેક્ષક ગેલેરીમાં આવીને બેઠા હતા. આ સમયે વિધાનસભા ગૃહનું સંચાલન ગૃહના ઉપાધ્યક્ષ આત્મારામ પરમાર કરી રહ્યા હતા અને ગૃહમાં કૃષિ વિભાગની માગણીઓ પરની ચર્ચા ચાલી રહી હતી. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા ચર્ચા ભાગમાં લઈ રહ્યા હતા ત્યારે પ્રેક્ષક ગેલેરીમાં એકાએક ચળવળાટ થયો અને ત્યાં તૈનાત સિક્યુરિટી સ્ટાફ કંઈ સમજે તે પહેલા એક જૈફવયના વ્યક્તિએ પાઘડીમાં છુપાવીને લાવેલી દારૂ જેવા પ્રવાહી ભરેલી કોથળી ગૃહની વચ્ચોવચ ફેંકી અને ગુજરાતમાં દારૂ બંધના અમલ કરાવવાની માગણી કરીને પત્રિકાઓ પણ ગૃહમાં ફેંકી આજે શહીદ દિન નિમિતે એક ક્રાંતિકારી પગલું ભરી સહુને ચોંકાવી દીધા હતા અને સભાગૃહમાં સન્નાટો ફેલાઈ ગયો હતો.

ગૃહમાં હાજર પ્રજાના પ્રતિનિધિઓ કંઈ પણ સમજે તે પહેલા ક્ષણભરમાં ઘટી ગયેલી આ ઘટના માત્ર ગુજરાતમાંજ નહિ પરંતુ દેશભરમાં ભારે ખળભળાટ ફેલાવી દીધો હતો. મહાત્મા ગાંધીના ગુજરાતમાં ખુલ્લેઆમ વેચાતા દારૂથી તંગ આવીને એક નિવૃત આચાર્યએ આ પ્રકારનું પગલુ ભરવું પડયું તે વહીવટીતંત્ર અને શાસકો માટેની આ શરમજનક ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. આ ઘટના તુરંત જ બાદ ગૃહનાં અધ્યક્ષ આત્મારામ પરમારની સૂચનાથી વિધાનસભાના સાર્જન્ટોએ આ નિવૃત આચાર્યને તાબડતોડ અટકાયા હતા અને ગૃહના અધ્યક્ષે તેમને ગૃહ સમાપ્તિ સુધી એક દિવસની સજા ફટકારી હતી તથા તેમને ગૃહમાં ફેંકેલી પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની કોથળીને એફએસએલમાં તપાસ માટે મોકલી આપવામાં આવી હતી. આ નિવૃત્ત આચાર્યને વિધાનસભાની કાર્યવાહી નિહાળવા માટે ક્યાં મંત્રી કે ધારાસભ્યોએ ભલામણ કરી હતી તે અંગે હજુ સુધી સરકાર કે ગૃહમાં અધ્યક્ષ તરફથી કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. પરંતુ આ નિવૃત્ત આચાર્ય સામે વિધાનસભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ તથા ફેંકેલી પ્લાસ્ટીકની કોથળીનું પ્રવાહી જો દેશી દારૂ હશે તો દારૂબંધીના ભંગ બદલ ગુનો દાખલ કરવાની પણ તજવીજ હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

## મોનીટરીંગ સેલની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે તંત્રને આ અભિયાનને સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકસુશ્રી જયશ્રીબેન દેવાંગણે આ લક્ષ્યાંક પૂર્ણ કરી દેવાશે તેની ખાત્રી આપી તંત્ર દ્વારા કરાયેલા આયોજનની વિગતો આપી હતી.

આ બેઠકમાં સાંસદ જયશ્રીબેન પટેલ, ધારાસભ્યોશ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ, જિ.પં. પ્રમુખ શ્રીમતિ હિનાબેન પટેલ, તા.પં. પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાપલી સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સી.એમ.ડી. હાઈસ્કૂલમાં પરીક્ષા આપતો એક વિદ્યાર્થી કાપલી સાથે પકડાયો હતો. સી.એમ.ડી. હાઈસ્કૂલના યુનિટ-૧માં પરીક્ષા આપતા વિદ્યાર્થીની પાસેથી વિજીલન્સ સ્કોવોર્ડે ચાર કાપલી ઝડપી હતી. સ્કોવોર્ડ ટીમે આ વિદ્યાર્થી સામે કોપીકેસ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ માણસા તાલુકાની સોજા હાઈસ્કૂલમાંથી પણ ત્રણ કોપી કેસ પ્રકાશમાં આવ્યા હતા. સી.સી.ટી.વી. કેમેરા ને ટેબલેટની વોચ વચ્ચે પણ બોર્ડ પરીક્ષા દરમિયાન ગેરરીતિના કિસ્સાઓ ધ્યાને આવી રહ્યા છે.

**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ**
**બ્લોક નં. ૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**જાહેર હરાજી**

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે આવેલ બિન ઉપયોગી માલ-સામાનની જે છે તે સ્થિતિમાં તા. ૭/૪/૨૦૧૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. રસ ધરાવનાર વ્યક્તિ / પાર્ટી રૂ. ૫૦૦.૦૦ (અંકે રૂપિયા પાંચસો પૂરા) ડીપોઝીટ પેટે રોકડેથી જમા કરાવી હરાજીમાં ભાગ લઈ શકશે. બિન ઉપયોગી માલ-સામાનની યાદી માલ-સામાન અત્રેની કચેરીએ કચેરી કામકાજના સમય દરમિયાન જોઈ શકાશે.

જાહેર હરાજીની બોલીઓ અને શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. સૌથી વધારે રકમની બોલી બોલનાર વ્યક્તિ / પાર્ટીએ બોલીની રકમ કચેરીમાં જમા કરાવેથી બિનઉપયોગી માલ-સામાન લઈ જવા માટે પરવાનગી તથા ગેટ પાસ આપવામાં આવશે.

હરાજીની બોલી માન્ય રાખવી કે નહિ તે કચેરીનો અબાધિત હક્ક રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૨૦/૩/૨૦૧૫**
**માહિતી/૨૬૮૮/૨૦૧૪-૧૫**

**સહી/-**
**સભ્ય સચિવ સહ**
**સંયુક્ત પશુપાલન નિયામક**
**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**